# ધણપ ગામમાં પશુ ચોરો સક્રિય

## ડાલુ લઈને આવેલા શખ્સો ખેતરમાં ઘૂસીને એક લાખની કિંમતના પશુઓ ચોરી ગયા

ગાંધીનગર, તા.૨૯

ચિલોડા-હિંમતનગર હાઈવે પર ધણપ ગામની સીમમાંથી ગઈ મધ્યરાત્રીએ ડાલુ લઈને આવેલા શખ્સો ત્રણ પશુઓ ચોરી અંદાજીત એક લાખની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગેની પોલીસ ફરિયાદ ચિલોડા પોલીસ સ્ટેશનમાં થવા પામી છે.

રાજયમાં ચોરી કરવાની ઘટનાઓ દિવસે દિવસે વધી રહી છે. સોનાના અછોડા, બેંકમાં રૂપિયા ચોરી કરતી ઘટનાઓ પછી હવે પશુઓ ચોરતી ગેંગ સક્રિય બની છે. પશુઓ ચોરતી ગેંગના કારણે પશુપાલકોની ચિંતા વધી જવા પામી છે.

મળતી માહિતી મુજબ ચિલોડાથી પાંચ કિલોમીટર દુર આવેલ ધણપ ગામની સીમમાં મુકેશસિંહ રાણા પોતાના ખેતરમાં પરીવાર સાથે વસવાટ કરે છે. ખેતી ઉપરાંત ગુજરાન ચલાવવા માટે તેઓ પશુપાલનનો વ્યવસાય કરે છે ત્યારે ગઈ મધ્યરાત્રિએ મુકેશસિંહ સુઈ રહ્યા હતા તે સમયે ડાલુ લઈને અજાણ્યા શખ્સો આવ્યા હતા.

ખેતરમાં નિંદ્રા કરી રહેલા મુકેશસિંહને અચાનક ડાલાનો અવાજ સંભળાતા તેઓ જાગી ગયા હતા અને ડાલુ લઈને આવેલા શખ્સો પલાયન થઈ ગયા હતા ત્યારે મુકેશસિંહે પોતાની આજુબાજુમાં નજર નાંખતા તબેલામાં બાંધવામાં આવેલી બે ભેંસ અને એક પાડુ સહિત એક લાખની કિંમતના પશુઓ ચોરી અજાણ્યા શખ્સો પલાયન થઈ ગયા હતા.

આ અંગેની ફરિયાદ મુકેશસિંહે ચિલોડા પોલિસ સ્ટેશનમાં નોંધાવતા પી.એસ.આઈ. જે.બી. ચાવડાએ અજાણ્યા શખ્સોને પકડવાની તજવીજ હાથ ધરી છે.

# ઘ-પ પાસેથી જતી મહિલાને છેતરીને બે શખ્સો દાગીના લઈ ગયા

## બાઈક પર આવેલા બે યુવાનોએ મહિલાના મોં પર કાંઈક નાંખ્યુ ને મહિલા અર્ધબેભાન થઈ ગઈ હતી : પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૬ ખાતે સ્થિત એક હોસ્પિટલમાં નોકરી કરતી મહિલા નાઈટ શિફટ પુરી કરીને ઘર તરફ ઘ માર્ગ પરથી પસાર થઈ રહી હતી તે દરમિયાન ઘ-પ પાસે બાઈક પર આવેલા બે શખ્સોએ તેણીના મોં પર કાંઈક નાંખ્યું ને મહિલા અર્ધ બેભાન હાલતમાં આવી ગઈ હતી. રૂ. ૩૫ હજારની કિંમતના પહેરેલા દાગીના મહિલાને છેતરીને લઈ બંને શખ્સો ફરાર થઈ ગયાની ફરિયાદ સે-૨૧ પોલીસ મથકે નોંધાવા પામી છે. પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

શહેરના ગ-૨ પાસે આવેલી એક ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી મહિલા લીલાબેન નાઈટ શીફટ કરીને ૨૧મી તારીખે સવારે ૧૦ વાગ્યાના અરસામાં પોતાના ઘર તરફ માર્ગ પરથી ચરેડી છાપરા જઈ રહ્યા હતા. ઘ-પ સર્કલ પાસે લીલાબેન પહોંચ્યા તે વખતે બાઈક પર આવેલા બે અજાણ્યા યુવાન શખ્સો તેમની નજીક ગયા અને મોં પર કાંઈક નાંખ્યુ તો લીલાબેન અર્ધબેભાન હાલતમાં આવી ગયા હતાં. મહિલા સંપૂર્ણ ભાનમાં આવે ત્યાં સુધીમાં બાઈક પર આવેલા બંને શખ્સો ગાયબ હતાં. તેમણે શરીરે પહરેલા સોનાના દાગીના પણ ગાયબ હતાં. લીલાબેનને છેતરીને ૩૫ હજારના દાગીનાની છેતરપીંડી કરી જનાર બે અજાણ્યા શખ્સો સામે લીલાબેનની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫
સૂર્યાસ્ત : ૬.૪૮

## તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૨૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
યંગીસ્તાન : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૧૦, ૭.૧૦, ૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
ઓ-તેરી : ૯.૫૫, ૩.૧૫, ૮.૩૫, ૧૦.૫૫
ક્વીન : ૧૨.૧૫, ૫.૩૫
: સ્ક્રીન-૩ :
રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૦, ૩.૧૦, ૮.૧૦, ૧૦.૫૦
ઓ-તેરી : ૧૨.૫૦, ૫.૫૦
: સ્ક્રીન-૪ :
ઢીશકીયાં: ૧૦.૫૫, ૧.૨૫, ૪.૧૦, ૬.૫૫, ૯.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ઢીશકીયાં : ૧૦.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ઓ- તેરી : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
યંગીસ્તાન : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫
રાગીની એમએમએસ-૨ : ૪.૧૫, ૧૦.૨૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડીશકીયૂન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
રાગીની એમ.એમ.એસ. : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
યોન્ગીસતાન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
રાગીની એ.એમ.એસ. :૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
ઓ-તેરી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦
યોન્ગીસતાન : ૧.૦૦
રાગીની એમ.એમ.એસ. : ૧૦.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

પડકાર :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

● સ્વ. ભવનાથ ધર્નીકાન્ત જહા (ઉ.વ.૮૦) પ્લોટ નં. એ/૪૫, સિમંધર સિટી, મુ.પો. અડાલજ, તા., જિ. ગાંધીનગર.

# સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાંથી વધુ એક વાહન ચોરાયું...!

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કીંગ વિસ્તારમાંથી અને કમ્પાઉન્ડમાંથી વાહન ચોરીના બનાવો દર્દીઓ અને તેમની ખબરઅંતર પુછવા આવતા સગા-વ્હાલાઓ માટે તો ઠીક પરંતુ પોલીસ માટે પણ શિરદર્દ સમાન બની ગયા છે. પોલીસે વાહનચોરી અટકાવવા વાહનો ડીટેઈન કરવાની ઝુંબેશ શરુ કરી દીધી પણ એકેય વાહનચોર ન પકડાયો. હજુ આ જગ્યાએથી વાહનચોરીના બનાવો અટકવાનું નામ લેતા નથી. પોલીસ માટે આ પ્રશ્ન પડકારરૂપ બની ગયો છે.

કુડાસણ ખાતે રહેતા હિતેશ મનહરલાલ કારીયાએ ૨૧ માર્ચેસવારે ૧૦ વાગ્યે સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં પોતાનું એકટીવા પાર્ક કર્યું હતું. બપોરે એક વાગે આવીને જોયું તો એકટીવા ગાયબ થઈ ગયું હતું. ચાર કલાકના સમયગાળામાં વાહન ચોર એકટીવાની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. હિતેશ કારીયાની ફરિયાદને આધારે સે-૭ પોલીસે વાહનચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

# ઉવારસદમાં વરલી-મટકાના જુગારના અડ્ડા પર એલસીબીનો દરોડો

## ૧ લાખના મુદ્દામાલ સાથે સાતની ધરપકડ : એક વોન્ટેડ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક ઉવારસદ ગામના બસ સ્ટેન્ડ પાસે ખુલ્લેઆમ વરલી-મટકાનો જુગાર રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગઈ રાત્રે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડીને સાત જણાને રૂ. ૧ લાખના મુદ્દા માલ સાથે ઝડપી પાડયા છે જયારે એક શખ્સ નાસી છુટવામાં સફળ રહ્યો હતો. એલસીબીએ કાયદેસરની કાર્યવાહી કરીને અડાલજ પોલીસને આરોપીઓ મોકલી તપાસ સોંપી દીધી છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમને ગઈ રાત્રે બાતમી મળી હતી કે ઉવારસદ ગામની સીમમાં બસ સ્ટેન્ડ પાસે વરલી મટકાનો ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે. જેને આધારે એલસીબીની ટીમે દરોડો પાડતા નાસભાગ મચી ગઈ હતી. ઉવારસદ ગામના કમલેશ ઉર્ફે બાબુ ઓથા રાવળ, શંકર વિહા રાવળ, ફુલા નાથા રાવળ, વિજય રમણ રાવળ, દિપક ભોલેરામ રાવળ, સંજય કાંતિ રાવળ અને દશરથ બચુ રાવળ મળીને સાત શખ્સોને એલસીબીએ રૂ. ૨૮,૧૩૫ રોકડા, ૧૭ મોબાઈલ અને એક બાઈક મળી કુલ રૂ. ૧,૦૧, ૭૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તમામની ધરપકડ કરી લીધી હતી. જયારે જગદીશ ઉર્ફે જગો ઓથા રાવળ ભાગી છુટયો હતો. અડાલજ પોલીસે આ અંગે ગુનો દાખલ કરી વોન્ટેડ શખ્સની શોધખોળ શરુ કરી છે.

# રમતવીરોને ભરતીમાં પાંચ ટકા ગુણ ઉમેરીને પસંદગી અપાશે

ગાંધીનગર, તા.૨૯

રાજય સરકાર દ્વારા વર્ગ-૩ અને ૪ની જગ્યાઓ માટે કરાતી ભરતીમાં હવે રમતવીરોને પાંચ ટકા ગુણ ઉમેરીને પસંદગી આપવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે.

સામાન્ય વહીવટ વિભાગ સથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત જાહેર સેવા આયોગ અથવા અન્ય માન્ય ભરતી એજન્સીઓ દ્વારા કોઈ પણ સેવા કે જગ્યા માટે ભરતી કરાતી હોય એવા કેસો અંગે સામાન્ય વહીવટ વિભાગના ૧૯૮૦માં કરવામાં આવેલ ઠરાવમાં નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર રમતવીર ઉમેદવારોને સરકારી સેવા પસંદગી માટે પાત્ર ગણવા માટે જયાં રૂબરૂ મુલાકાત કે મૌખિક કસોટી સિવાય સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિથી કોઈ સેવા કે જગ્યા માટે ભરતી કરાતી હોય ત્યારે આ હેતુ માટે કોઈ પણ લેખિત કસોટીમાં રમતવીર ઉમેદવારોએ મેળવેલ ગુણના પ ટકા ગુણ ઉમેરી એમને પસંદગી આપી શકાશે.

આ ઉપરાંત લેખિત તથા મૌખિક કસોટીના આધારે તૈયાર થતી પસંદગી યાદીમાં રમતગમતનું યોગ્ય પ્રમાણપત્ર ધરાવતા તમામ રમતવીર ઉમેદવારોને તેમણે લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના પ ટકા ગુણ ઉમેરી આપવા અને જો તેમ કરતાં તેઓ રૂબરૂ મુલાકાત માટેનું ધોરણ સંતોષતા હોય તો તેમને રૂબરૂ મુલાકાત માટે લાયક ગણવા પરંતુ રૂબરૂ મુલાકાતમાં કોઈ જ ગુણ મળવા પાત્ર થશે નહીં એટલે કે લેખિત અને રૂબરૂ મુલાકાતના આધારે તૈયાર થતી પસંદગી યાદી તેમજ ફકત રૂબરૂ મુલાકાતને આધારે તૈયાર થતી પસંદગી યાદીમાં રમતવીરોને રમતના પ્રમાણપત્રને આધારે રૂબરૂ મુલાકાતમાં કોઈ જ ગુણ મળવા પાત્ર થશે નહીં.

જયાં લેખિત કસોટીમાં બેસવા માટે પાત્ર થવા માટે રૂબરૂ મુલાકાતને માટે પાત્ર થવા માટે ઉમેદવારોની પ્રીલીમનરી કસોટી લેવામાં આવતી હોય તો તેવી કસોટીમાં પણ રમતગમતનું યોગ્ય પ્રમાણપત્ર ધરાવતાં ઉમેદવારોનો લેખિત પરીક્ષામાં બેસવા માટે પાત્ર થવા અથવા રૂબરૂ મુલાકાતને માટે પાત્ર થવા માટે રમતવીર ઉમેદવારોને પ્રીલીમનરી કસોટીમાં મેળવેલ ગુણના પાંચ ટકા ગુણ ઉમેરીને એમને પસંદગી આપી શકાશે.

જયારે જયાં રૂબરૂ મુલાકાતને આધારે ભરતી કરાય છે અને ઉમેદવારની પસંદગી એસ.એસ.સી. પજીક્ષા વગેરેમાં મેળવેલ ગુણ પર આધારિત હોય ત્યાં ગુણવત્તા ધરાવતા ખેલાડીની બાબતમાં ભરતી માટેના ધોરણો અંગે આવા ગુણની જરુરિયાત પાંચ ટકાથી વધુ ન હોય તે રીતે ઘટાડવી તેવી સામાન્ય વહીવટ વિભાગના ૧૯૮૦ના ઠરાવના અન્વયે હવે વર્ષ ૧૧-૧૦-૨૦૦૫ના પરિપત્રથી કરવામાં આવેલ જોગવાઈ ચાલુ રહેશે.

ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકારમાં ન આવતી હોય તેવી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અથવા અન્ય માન્ય પધ્ધતિથી ભરવામાં આવતી રાજય સરકાર હેઠળની વર્ગ-૩ અને વર્ગ-૪ની તમામ જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંકોમાં સામાન્ય વહીવટ વિભાગના ૨૫-૨-૧૯૮૦ના ઠરાવના જોડાણોમાં જણાવેલ માન્ય રમતોમાં તેમજ વખતો વખત સુધારેલ જોગવાઈ મુજબની રમતોમાં મેળવેલ માન્ય પ્રમાણપત્ર ધરાવતાં રમતવીરોને પણ ઉપર્યુકત જોગવાઈ લાગુ પડશે.

## પાલજમાં પાણીના બીલો મળ્યા નથી

ગાંધીનગરના એકભાગ પાલજમાં પાણીના બીલો તા. ૨૮મી સુધી મળેલ નથી. બીલો ભરવાની છેલ્લી તારીખ ૩૧ છે. સમયસર બીલો ન મળવાથી વળતરનો લાભ પાલજ ગામને મળશે નહીં. ગામમાં સત્વરે બીલો મળે તેવી ગ્રામજનોએ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને લેખિતમાં રજૂઆત કરેલ છે.

## સિ.સિ.કા.ની બેઠકમાં સિનિયર સભ્યોનું બહુમાન કરવામાં આવશે

સિનિયર સિટિજન કાઉન્સિલ ગાંધીનગરની માસિક સભા તા. ૩૧ માર્ચ, સોમવાર, બપોરે ૪.૩૦ કલાકે લેઉઆ પટેલ સમાજવાડી સેક્ટર-૭ ખાતે ડૉ. દલપતભાઈ પઢિયારના અધ્યક્ષસ્થાને યોજવામાં આવશે. કાર્યક્રમમાં ૭૫ વર્ષના વડીલ પુરૂષો અને ૭૦ વર્ષની માતાઓ અને જેમના લગ્નજીવનને ૫૦ વર્ષ પૂર્ણ કર્યા છે તેવા સિ.સિ.કા.ના સભ્યોનું બહુમાન કરવામાં આવશે.

## કુડાસણથી ચોટીલા પદયાત્રા સંઘ જશે

કુડાસણગામ સમસ્ત ઠાકોર પરિવાર દ્વારા સતત ૧૨મા વર્ષેકુડાસણથી ચોટીલા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પદયાત્રાનું પ્રસ્થાન તા. ૧ એપ્રિલ મંગળવારના રોજ સવારે ૩.૦૦ કલાકે માતાજીનો રથ અને ધજા સાથે બ્રહ્માણી માતાજી મંદિર કુડાસણથી કરશે. અને તા. ૮ એપ્રિલના રોજ ચામુંડા માતાજીના મંદિરે ધજા ચઢાવશે. આ પ્રસંગે ગામના ભાવિભક્તોને લાભ લેવા ભુવાજી ગાભાજી ઠાકોર, કાળાજી સરપંચ, વિષ્ણુજી દશરથજી સહિતના માઈ ભક્તોએ જણાવ્યું છે.

# આશ્રમની યુવતીઓ અંગે નિવેદન કરનાર બે પૂર્વ સાધકોના કોર્ટે સમન્સ કાઢયા

## આશારામના જવાબ લેવા કોર્ટ કમીશન બનાવવા વકીલની અરજી : ચાર્જશીટ બાદ કોર્ટ કેસ કમીટમાં આશારામ બીજી વખત પણ ગેરહાજર રહ્યા : શોભા ભુતડાની ટીમ સામેની ફરિયાદ અંતગર્ત ૩૦ દિવસમાં રીપોર્ટ કરવા કોર્ટનો પોલીસને આદેશ

ગાંધીનગર, તા.૨૯

યૌન શોષણ મામલામાં આશારામ રાજસ્થાન જેલ હવાલે છે ત્યારે ગાંધીનગર કોર્ટમાં દર મુદતે લાવવા લઈ જવાને બદલે આશારામના જવાબ (નિવેદન) લઈ જાય તે માટે કોર્ટ કમિશન બનાવવા માટે આશારામના વકીલે આજે ગાંધીનગર કોર્ટમાં અરજી કરી છે. કોર્ટે આ અરજી અંગેની સુનાવણી ૧૧ એપ્રિલે રાખી છે.

યૌન શોષણ પ્રકરણમાં ચાંદખેડા પોલીસે ચાર્જશીટ દાખલ કરી દીધા બાદ કોર્ટ કેશ કમીટની અગાઉ પડેલી મુદતમાં આશારામ બિમાર હોવાથી ગાંધીનગર કોર્ટમાં હાજર રહ્યા ન હતાં આજે કોર્ટ કેશ કમીટની બીજી મુદત હતી. રાજસ્થાન પોલીસ બંદોબસ્તમાં વ્યસ્ત હોવાથી બીજી મુદતે પણ આશારામ ગાંધીનગર કોર્ટમાં કેસ કમીટમાં ગેરહાજર રહ્યા હતાં તે ઉપરાંત સુરત ડીસીપી શોભા ભુતડા અને તેમની ટીમે સુરત આશ્રમમાં સર્ચ ઓપરેશન કર્યું હતું તે વખતે પોલીસ પાસે સર્ચ વોરંટ ન હતું અને સાધકો સાથે અણછાજતું વર્તન કર્યું હતું તેવી ફરિયાદ સાધક દ્વારા કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. આ ફરિયાદ અંતર્ગત પોલીસને ૩૦ દિવસમાં રીપોર્ટ કરવા ગાંધીનગર કોર્ટે આદેશ કર્યો છે.

યૌન શોષણની ફરીયાદ બાદ આશ્રમના પુર્વ સાધકો મહેન્દ્ર ચાવડા અને અમૃત પ્રજાપતિએ મીડીયા સમક્ષ આશ્રમની પ્રવૃત્તિઓ અંગે આપેલા નિવેદનોથી સાધિકાઓ બહાર નીકળી શકતી નથી અને તેમના ચારિત્ર્ય પર કાદવ ઉછાળવાનો પ્રયાસ હતો તેની ફરિયાદ સાધિકાઓ દ્વારા થઈ હતી જે અંતર્ગત કોર્ટે આજે બંને પૂર્વ સાધકો મહેન્દ્ર ચાવડા અને અમૃત પ્રજાપતિ સામે સમન્સ જારી કર્યા છે.

## સે. ૧૨ ના સર્કલે દારૂની બોટલ ફોડીને બેઠેલો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૯

કોમ્બીંગ નાઈટ દરમ્યાન ગઈ રાત્રે સે. ૭ પી.આઈ. જે.એમ. ભરવાડ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સે. ૧૨/૧ ઉના સર્કલ પાસે દારૂની બોટલ ફોડીને પાર્ટી કરી રહેલો એક શખ્સ ઝડપાઈ ગયો હતો. સે. ૨૬ ગ્રીનસીટીમાં રહેતો પૃથ્વીરાજસિંહ જયરાજસિંહ પરમાર રાજાપાઠમાં હતો અને પોતાને ધાંગધ્રા સ્ટેટનો જમાઈ કહી રહ્યો હતો. સે. ૭ પોલીસે તેની સામે પ્રોહીબીશન એક્ટ ગુનો દાખલ કરીને ધરપકડ કરી કાર્યવાહી આરંભી છે.

## સગીરાને ઉપાડી જનાર અપહરણકાર ગાંધીનગરથી ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૯

સોલા પોલીસ સ્ટેશનની હદમાંથી સગીર વયની કિશોરીને ઉપાડીને ભાગી ગયેલો યુવક સે. ૭ પોલીસ મથકના પી.આઈ. જે.એમ. ભરવાડે કોમ્બીંગ નાઈટમાં ઝડપી પાડ્યો હતો. અપહરણકારને પકડી પાડીને સે. ૭ પોલીસે સોલા પોલીસને હવાલે કરી દીધા છે. યુવકની સાથે કિશોરી પણ હતી. સોલા પોલીસ સ્ટેશનમાં યુવક સામે અપહરણનો ગુનો પણ નોંધાયો છે.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મેઘરજ તાલુકાની આશ્રમ શાળાઓમાં સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું. સેવાકીય કાર્યમાં જીવનજરૂરીયાતની ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સ્થિત ગજાનન સેવા સમિતિ દ્વારા સાબરકાંઠા જિલ્લાના વિવિધ ગામમાં આવેલી આશ્રમ શાળાઓમાં સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું. જેમાં મેઘરજ તાલુકાની ઈસરી આશ્રમ શાળા, કંટાયુ આશ્રમ શાળા સહિતની આશ્રમ શાળાઓમાં સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું. સમિતિ દ્વારા આ શાળાના બાળકોને ૧૯૦ જોડ ચંપલ, ૨૧૬ નંગ ન્હાવાના સાબુ, ૨૦૦ જોડ કપડા, ૨૦૦ નંગ પેન્સિલ રબરનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ આ શાળાના શિક્ષકોને ભગવદ્ ગીતા અર્પણ કરવામાં આવી હતી. તેમજ મોડાસા તાલુકાના વાટડા ગામના ૩૯ વૃધ્ધાઓને ૧૪ પ્રકારની ખાદ્ય સામગ્રી કિટ વિતરણ કરવામાં આવી હતી. જેમાં તેલ, ખાંડ, ચોખા,ચા, કઠોળ, હળદર, મરચાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમિતિના દાનાભાઈ, રોહિતભાઈ તેમજ આરોગ્ય વિભાગના કર્મચારી ભીમજીભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશનની મીટીંગ મળી

ગાંધીનગર તા. ૨૯

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાતની કાર્યવાહક સમિતિની બેઠક પ્રમુખ અધ્યક્ષના સ્થાને મળી હતી.

મહામંત્રી મુળજીભાઈ પરમાર કાર્યવાહી નોંધની જાણકારી આપી હતી. ગાંધીનગરમાં બાગ-બગીચામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર, વીરમેઘમાયા, સ્વામી તેજાનંદના નામો જોડવા માટે રજૂઆત કરેલ છે. તે અંગે સ્મૃતિ પાઠવવાનું નક્કી કરાયું છે.

અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં ૫૦ ટકા જગ્યા ખાલી હોવાથી અનુ.જાતિ. કલ્યાણની યોજનાઓના અમલમાં વિલંબ થાય છે તે અંગે રજૂઆત કરવામાં આવેલ છે. સેકટર-૧૨ના બાબા સાહેબ આંબેડકર હોલને મરામત કરાવવાની રજૂઆત કરવામાં આવી. અનુ.સૂચિત જાતિ માટેની કલ્યાણકારી યોજનાઓ અભ્યાસ કરી રજૂઆત કરવા મૂળજીભાઈના અધ્યક્ષપણા હેઠળ સમિતિ રચવામાં આવી હતી. મૂળજીભાઈએ જણાવેલ છે.